# શહેરમાં શેરી ગરબા જામ્યા... વિવિધ વેશભૂષા સાથે ખેલૈયાઓ મન મૂકીને ગરબે ઘુમ્યા



# મંત્રીઓના કાર્યાલયમાં સચિવાલય કેડરના અધિકારીઓની નિમણુંકને અગ્રતા

**મંત્રીમંડળની રચનાના એક મહિને પી.એ. પી.એસ.ની નિમણુંકના સામુહિક હૂકમો થયા : પી.એ. પી.એસ.માં પણ નો રીપીટ થીયરી**

ગાંધીનગર, તા. ૧૩

રાજયમાં નવી રચાયેલ ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારના તમામ મંત્રીઓના કાર્યાલયમાં તેમના અંગત કર્મચારીઓ તરીકેની આજે સામુહિક નિયુક્તી કરતા હૂકમો કરવામાં આવ્યા છે.

નો રીપીટ થિયરી સાથે સચિવાલયમાં પણ મંત્રીઓને મળેલ રજુઆતોનો ઝડપી ઉકેલ આવે તે માટે મંત્રીઓની કચેરીમાં પણ સચિવાલય કેડરના અધિકારીઓને જ નિયુક્તી આપી સૌને ચોંકાવવામાં આવ્યા છે.

અગાઉ મંત્રીમંડળની રચના વખતે કામચલાઉ કર્મયોગીઓની નિયુક્તી સામાન્ય વહીવટ વિભાગ દ્વારા કરાઈ હતી હવે મંત્રીમંડળની રચના પછી આજે એક મહિના બાદ સામુહિક નિમણુંકો કરવામાં આવી છે. આ નિમણુંકોના હુકમો આજે સોશ્યલ મિડિયા તેમજ કર્મચારી આલમમાં પણ સતત ચર્ચાતા સાંભળવા મળ્યા હતા.

મંત્રીઓના કાર્યાલયમાં સામાન્યતઃ મંત્રીઓની પસંદગીના માણસોની નિયુક્તી થતી હોય છે. આ સરકારે આ શિરસ્તામાં ફેરફાર કર્યો છે. મંત્રીઓને મળેલી રજુઆતો પછી તેની સ્ક્રુટીની કરવામાં આવ્યા બાદ આજે સામુહિક નિયુક્તીના હુકમો કરાયા છે. નવા નિમાયેલા પી.એ. પી.એસે. આગામી બે દિવસમાં તેમનો નવો કાર્યભાર સંભાળી લેવાનો રહેશે.

રાજય મંત્રીમંડળના મંત્રીઓના અંગત સચિવ અને અધિક મદદનીશ અને અંગત મદદનીશની નિમણૂકમાં રાજય સરકારે ધરખમ ફેરફારો કર્યા છે અને નો રિપીટ થિયરી અપનાવીને પહેલીવાર એવું બન્યું છે કે તમામ મંત્રીઓના અંગત સચિવ અને

● અનુસંધાન પાન-૭ પર

# ચ-૬ થી પંચદેવ મંદિરના રૂટમાં વહેલી સવારે જ લાઈટો બંધ થતાં મોર્નીંગ વૉકર્સને મુંઝવણ

**સવારે ૬ :૩૦ સુધી લાઇટ ચાલુ રાખવા રજુઆત સિનિયર સિટીઝન્સ અને મહીલાઓમાં ભયની લાગણી**

ગાંધીનગર તા ૧૩

ચ- ૬ થી પંચદેવ મંદિર વચ્ચેના વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટો વહેલી સવારે બંધ રહેતા મોર્નિંગ વોક કરનારાને ભારે હાલાકી વેઠવી પડે છે. સવારના સમયે હજુ પુરતુ અજવાળુ ન થયુ તેવા સમયે લાઈટો બંધ કરી દેવાતા અંધારામાં વોકીંગ કરનારા મહીલાઓ તેમજ સિનિયર સીટીઝન્સને મુંઝવણ થાય તેવી સ્થિતિ સર્જાય છે. હવે આમ પણ ઠંડીના દિવસો શરૂ થઈ રહ્યા છે. ત્યારે સેકટરોમાં સ્ટ્રીટ લાઈટો ચાલુ રાખવાના સમયના મામલે પણ જરૂરી ફેરફાર કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પ્રબળ બની છે.

શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટના મામલે સર્વે હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. લાંબા સમયથી સ્ટ્રીટ લાઈટના થાંભલાઓની કોઈ દરકાર ન લેવામાં આવતી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જયારે વરસાદી દિવસોના અંતે હવે ઠંડીના દિવસો શરૂ થવામાં હોવાથી સ્ટ્રીટ લાઈટો ચાલુ રાખવાના સમય મામલે પણ જરૂરી ફેરફાર કરવો અનિવાર્ય છે. શહેરના કેટલાક વિસ્તારમાં સવારે ૬વ કલાકે જ સ્ટ્રીટ લાઈટો બંધ થઈ જતા મોર્નિંગ વોકમાં નિકળતી મહીલાઓ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થાનનું નિર્માણ કરાશે

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગર ખાતે પંચાયત પરિષદ દ્વારા નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતી રાજ સંસ્થાન તાલિમ કેન્દ્ર બનાવવાનો આજે પ્રદેશ પંચાયત પરિષદની કારોબારી સમિતિએ નિર્ણય લીધો છે.

પંચાયત પરિષદના શ્રીમતિ નયનાબેન પટેલ, ભુપતભાઈ બોદર, ભરતભાઈ ગાજીપરા અને પિર્યુષાબેન વસાવાએ જણાવ્યુ હતુ કે રાષ્ટ્રીયસ્તરનું દેશનું આ પ્રથમ પંચાયતી રાજ તાલિમ કેન્દ્ર બનશે.

પંચાયતી રાજ વ્યવસ્થાને વધુ સુદઢ અને મજબુતાઈ આપવા વડાપ્રધાને જે મહત્વના નિર્ણયો લીધા છે તેને પણ આજની બેઠકમાં આવકારી અને અભિનંદન આપવામાં આવ્યા હતા.

આજે ગાંધીનગર મુકામે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની કારોબારી સમિતિની બેઠક મળેલી જેમાં ગાંધીનગર મુકામે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની માલિકીની જમીનમાં પાંચ દશકા જુનું સંસ્થાની માલીકનું મકાન આવેલ છે જેમાં પંચાયતના પદાધિકારીઓને વખતોવખત તાલીમ આપવામાં આવે છે જેને અપગ્રેડ કરી રાષ્ટ્રીય સ્તરનું 'નરેન્દ્ર મોદી રાષ્ટ્રીય ગ્રામીણ વિકાસ અને પંચાયતીરાજ સંસ્થાન(તાલીમ કેન્દ્ર)' બનાવવાનો સર્વાનુમતે નિર્ણય કરેલ છે.

ભૂતકાળમાં ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદ ખાતે પૂર્વ મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પંચાયતના પદાધિકારીઓના તાલીમ અને પંચાયતના વહીવટ અંગે સૌના આશ્ચર્ય વચ્ચે આશરે સાત કલાકની મેરેથોન મીટીંગ કરેલ અને દેશના સર્વાંગી વિકાસ માટે ત્રીસ્તરીય પંચાયતીરાજને વધુ સુદઢ અને મજબુત બનાવવા અને તેની અસરકારકતા પર ભાર મુકેલ પંચાયત અને ગ્રામીણ વિકાસ ક્ષેત્રે ગુજરાતે દેશને અસરકારક દિશા દર્શન કરવું જોઈએ તેવી મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની લાગણીને મૂર્તિમંત કરવા ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદે સાનુકૂળ પ્રતિભાવ આપી કારોબારી સમિતિએ સર્વાનુમતે ઠરાવ કરેલ છે.

આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ સાથે ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદે રાજ્યના પંચાયત મંત્રી બ્રિજેશભાઈ મેરજાના વડપણ હેઠળ વડાપ્રધાનને મળશે. સાથોસાથ આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટ કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહના સંસદીય મતવિસ્તારના ક્ષેત્રમાં આવતો હોય તેમને આ પ્રોજેકટની પ્રાથમિક વિગતો મોકલી આપેલ છે. ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની ટીમ દિલ્હી ખાતે આ પ્રોજેક્ટ માટે કેન્દ્રીય ગૃહમંત્રી અમીતભાઈ શાહને મળશે.

દેશમાં પંચાયતીરાજના ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ માટે સંપૂર્ણ સુવિધાવાળુ અદ્યતન આ પ્રથમ તાલીમ કેન્દ્ર આકાર લેશે જેની પ્રાથમિક તબક્કાની તૈયારી ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના પ્રમુખ શ્રીમતિ નયનાબેન પટેલ, ઉપપ્રમુખ ભુપતભાઈ બોદર, માનદ મંત્રી ભરત ગાજીપરા તથા પિર્યુષાબેન વસાવા વિગેરે આ મહત્વકાંક્ષી પ્રોજેક્ટને આખરી ઓપ આપી રહેલ છે.

# લાંબા સમયથી ખોદાયેલા સેકટરોના એપ્રોચ માર્ગનું ડામર કામ શરૂ કરાયુ

ગાંધીનગર તા ૧૩

શહેરના સેકટરોને અનુલક્ષી એપ્રોચને ફોરટ્રેક કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. હાલ નવા સેકટરોમાં કામ ચાલી રહ્યુ છે. છેલ્લા ઘણાં સમયથી આ કામગીરીને અનુલક્ષી માર્ગની આસપાસ ખાડા ખોદવામાં આવ્યા હતા મંદ કામગીરીના લીધે સ્થાનિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. સે-૫ માં પણ થોડા દિવસો અગાઉ જ ડામર કામ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હવે સે-૩ માં પણ ગ માર્ગને જોડાયેલા એપ્રોચ માર્ગ પર ડામર કામ હાથ ધરવામાં આવ્યુ છે. જેના લીધે હવે ટુંકમાં જ એપ્રોચ માર્ગનુ કામ પુર્ણ થઈ જશે. શહેરમાં રોડ નેટવર્ક અપગ્રેડ કરવામાં આવી રહ્યુ છે. સ્માર્ટ સીટી અન્વયે પણ શહેરમાં પાણી ગટર સહીત રસ્તાના કામોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે. શહેરના મુખ્યમાર્ગો પર અન્ડર પાસનુ નિર્માણ કરવામાં આવ્યુ છે. જયારે હાલ ગ માર્ગ પર અન્ડર પાસ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. આગામી દિવસોમાં ચ માર્ગ પર પણ બે ઠેકાણે અન્ડર પાસ તૈયાર કરાશે. બીજીતરફ સેકટરોમાં રીંગ રોડ તેમજ એપ્રોચ માર્ગના વાઈડનીંગનુ પણ કામ હાથ ધરાયુ છે. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ માર્ગોના રીસરફેસીંગ માટે માંગણી કરવામાં આવી છે. ત્યારે હાલ શહેરના સેકટરોમાં એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવા માટે પણ કોર્પોરેશન કક્ષાએથી કામગીરી હાથ ધરવામાં આવી છે.



સેકટરોના એપ્રોચ માર્ગને ફોરટ્રેક કરવા માટે હાલ સે -૩ માં કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષીને લાંબા સમયથી માર્ગની એકબાજુ ખાડા ખોદવામાં આવ્યા હતા જયારે હવે ડામર કામ શરૂ કરી દેવાતા સ્થાનિકોને પણ રાહતની લાગણી થઈ છે. પ્રાથમકિ દ્રષ્ટીએ સાંકડા માર્ગ પર વચાળે ડીવાઈડર મુકવામાં આવે છે. જયારે આ સ્થિતિ વચ્ચે સેકટરોના એપ્રોચ માર્ગ સલાતમીની દ્રષ્ટીએ કેટલા અસરકારક નિવડશે તેની સામે પણ સવાલો મંડરાયા છે.

# ચ-માર્ગ પર નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓના લીધે જોખમી સ્થિતિ

**વોકીંગ કરનારા ફુટપાથ પર જવાનુ ટાળી મુખ્યમાર્ગનો ઉપયોગ કરતા માર્ગ સલામતી જોખમમાં : ટ્રીમીંગ તેમજ ફુટપાથની જાળવણીનુ કામ હાથ ધરવાની અનિવાર્યતા**

ગાંધીનગર તા ૧૩

શહેરમાં ફુટપાથની હાલત ચિથરેહાલ છે. સેકટરોના આંતરિક માર્ગો તેમજ મુખ્યમાર્ગો આસપાસ સ્થિત ફુટપાથની જાળવણીનુ કામ વિસરાયુ છે. બીજીતરફ વોક વે આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ પણ ન થતા ફુટપાથ પર નમી પડેલી વૃક્ષોની તોતિંગ ડાળીઓના લીધે વોકીંગ કરનારા માટે પણ અવરોધ ઉભો થયો છે. ચ માર્ગ પર ફાયર બ્રિગેડની કચેરી સામે સ્થિત વોક વે છેલ્લા ઘણાં સમયથી બિન ઉપયોગી બન્યો છે. ફુટપાથ પર નમી પડેલી ડાળીઓના લીધે વોકીંગ કરનારા વોક વે નો ઉપયોગ કરી શકતા નથી જેના લીધે મુખ્યમાર્ગ પર વોકીંગ કરતા નાગરિકોની સલામતી પણ જોખમાઈ છે.

આ વિસ્તારમાં ત્વરિત ટ્રીમીંગ તેમજ વોક વે ની જાળવણીનુ કામ હાથ ધરવામાં આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ વૃક્ષોનુ ટ્રીમીંગ અનિવાર્ય છે. વરસાદી દિવસોના અંતે સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ સ્ટ્રીટ લાઈટના થાંભલા માટે નમી પડેલી વૃક્ષોની ડાળીઓ આડશ બનતા અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. જયારે મુખ્યમાર્ગો આસપાસ પણ વૃક્ષોની તોતિંગ ડાળીઓ અવરોધરૂપ બની છે. શહેરના મુખ્ય ચ માર્ગ આસપાસ વોક વે પર આવી જ સ્થિતિ છે. એકબાજુ ફુટપાથના ગાબડા હજુ પુરાયા નથી જયારે ગાબડાગ્રસ્ત ફુટપાથ પર વોકીંગ કરવાનુ આમ પણ જોખમી બન્યુ છે. આવા સંજોગોમાં વોકીંગ કરનારા ગમે ત્યારે ગોથુ ખાઈ જાય તેવી સ્થિતિ છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમા ફુટપાથના ગાબડા પુરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ કોઈ પગલા લેવાતા નથી ફુટપાથના નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરાયો છે. પરંતુ જાળવણીના નામે મીંડુ છે.

બીજીતરફ ફુટપાથ આસપાસ પણ વૃક્ષોની ડાળીઓ નમી પડેલી હાલતમાં છે. જેના લીધે રોજબરોજ વોકીંગ કરનારાઓને પરેશાની વેઠવી પડે છે. ફુટપાથ પર નમી પડેલી ડાળીઓ અવરોધરૂપ બનતા નાગરિકો મુખ્યમાર્ગ પર વોક કરવા માટે મજબુર બને છે. આ જોખમી સ્થિતિ વચ્ચે ગમે ત્યારે અકસ્માત થવાની દહેશત પણ પ્રબળ બની છે. મુખ્યમાર્ગની ફુટપાથની અવદશાના લીધે વોકીંગ કરનારા માટે જોખમી સ્થિતિ સર્જાઈ છે. ચ માર્ગ પર વૃક્ષોનુ યોગ્ય રીતે ટ્રીમીંગ થાય તે માટે વનતંત્રને રજુઆત કરવામાં આવી છે. ચ માર્ગ પર ફાયરબ્રિગેડ સામેની ફુટપાથનો ઉપયોગ પણ નાગરિકો કરી શકતા નથી વોક વે ની જાળવણી અને યોગ્ય ટ્રીમીંગના અભાવે નાગરિકો માટે ફુટપાથ પર ઠેર ઠેર અવરોધ ઉભા થયા છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

TV રીપેરીંગ
ગાંધીનગર માટે LED TV, LCD TV રીપેરીંગ માટે ફોન
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com